લીમખેડા અને સિંગવડમાં હડફ પ્રાદેશિક પુરવઠા યોજનાનું 42 .12 કરોડના ખર્ચે વિસ્તરણ કરાશે

વી.એલ. ઇન્ફ્રાપ્રોજેક્ટ્સને GWSSB પાસેથી 42.12 કરોડનો મોટો વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોન્ટ્રાક્ટ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના માળખાગત પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) તરફથી દાહોદ જિલ્લાના લીમખેડા અને સિંગવડ તાલુકામાં હડફ પ્રાદેશિક પુરવઠા યોજનાના વિસ્તરણ માટે 42.12 કરોડનો મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ મળ્યો છે. કંપનીને આ પ્રોજેક્ટ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI) ફાળવવામાં આવ્યું છે, જે અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ કરતાં 5.99 ટકા વધુ છે. આ કોન્ટ્રાક્ટ વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ (80 ટકા લીડ પાર્ટનર) અને એચ.એમ. ઈલેક્ટ્રો મેક (20 ટકા) વચ્ચેના જોઈન્ટ વેન્ચરને આપવામાં આવ્યો છે.

પ્રોજેક્ટ અંતર્ગત 18 મહિના સુધી કન્સ્ટ્રક્શન કાર્ય હાથ ધરાશે અને ત્યારબાદ 10 વર્ષ સુધી સમગ્ર પાણી પુરવઠા સિસ્ટમનું ઓપરેશન્સ અને મેન્ટેનન્સ કંપની દ્વારા સંભાળવામાં આવશે. આ યોજના હેઠળ પાઈપલાઈન બિછાવટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એલિવેટેડ સર્વિસ રિઝર્વોયર, પંપ હાઉસ, ઈલેક્ટ્રિફિકેશન તથા ગ્રામ્ય કનેક્ટિવિટી જેવા મહત્વપૂર્ણ માળખાકીય કાર્યો કરવામાં આવશે, જેના કારણે અનેક ગામોમાં પીવાના પાણીની સુવિધા વધુ મજબૂત બનશે.

આ પ્રોજેક્ટ અંગે કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાજગોપાલ રેડ્ડી અન્નમ રેડ્ડીએ જણાવ્યું હતું કે,

"GWSSB દ્વારા ફાળવાયેલો આ પ્રોજેક્ટ અમારી મજબૂત અમલીકરણ ક્ષમતાઓ અને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં અમારા લાંબા ગાળાના અનુભવને પ્રતિબિંબિત કરે છે. EPC સ્કોપ સાથે લાંબા ગાળાની O|M જવાબદારી આવકની સ્પષ્ટતા વધારશે અને ટકાઉ માળખાગત

દિવ્ય અવસરે પૂજ્ય લાલજી મહારાજનું પાદરા ખાતે પાવન આગમન

પાદરામાં 25મી ડિસેમ્બરે ભવ્ય દિવ્ય શાકોત્સવનું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.19

પાદરા ગામને આંગણે ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ, પાદરા દ્વારા તારીખ 25 ડિસેમ્બર 2025, ગુરુવારના રોજ ભવ્ય અને દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવ્ય અવસરે પૂજ્ય લાલજી મહારાજ શ્રીનું પાદરા ખાતે પાવન આગમન થવાનું છે, જેનાથી સમગ્ર વિસ્તાર ભક્તિભાવથી ઓતપ્રોત બનશે.

ઉત્સવપ્રિય ભગવાન સ્વામિનારાયણના મહા ઉત્સવો, જેમ કે જાગોત્સવ, રંગોત્સવ વગેરે ઉજવીને જેમ ભક્તોમાં પ્રેમ, ભક્તિ અને આનંદની હેલી ચડાવવામાં આવે છે, તેવી જ ભાવનાથી આ દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

વડતાલવાસી લક્ષ્મીનારાયણ દેવની કૃપાથી તથા વડતાલ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી અને ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી, વિદ્વાન સંતોના પાવન સાનિધ્યમાં આ દિવ્ય શાકોત્સવનું આયોજન ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ, પાદરા દ્વારા કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે બપોરે 3:00 કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા કલ્પેશભાઈ અરવિંદભાઈ ગાંધીના નિવાસસ્થાન, અરિહંત પાર્ક, પાતળિયા હનુમાન રોડ, પાદરા ખાતેથી પ્રસ્થાન કરી નવાપુરા, પાદરા ખાતે પહોંચી પૂર્ણ થશે.

શોભાયાત્રા બાદ સાંજે 5:00 કલાકે નવાપુરા મુકામે ભવ્ય સત્સંગ સભા યોજાશે, જ્યાં ઉપસ્થિત પુ.સંતો સભાને સંબોધશે. જેમાં ભક્તોને ધાર્મિક ઉપદેશ, કથા-કીર્તન અને ભક્તિરસમાં લીન થવાની સુવર્ણ તક મળશે. આ સમગ્ર કાર્યક્રમ બાદ ભક્તો માટે મહાપ્રસાદીનું આયોજન પણ દિનેશ ગાંધી સ્મૃતિ હોલ, પાદરા ખાતે કરવામાં આવ્યું છે.

છોટાઉદેપુરના મુખ્ય બજાર મહાકાળી મંદિરથી જૈન મંદિર સુધીના વેપારીઓ સાથે ધારાસભ્યએ મુલાકાત લીધી

છોટાઉદેપુર વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા છોટાઉદેપુર નગરના મેન બજાર મહાકાળી મંદિર થી જૈન મંદિર સુધીના વેપારીઓની રૂબરૂ મુલાકાત કરી નગર વિકાસની ચર્ચાઓ કરી હતી. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી એ કરેલા પંથક માટે ના વિકાસકાર્યો અંગેનો સંવાદ વેપારીઓ સાથે કર્યો હતો અને વેપારીઓની સમસ્યાઓનો ચિતાર મેળવ્યો હતો અને વેપારીઓની સમસ્યા અંગે નો સમાધાન થાય તેનો ઉકેલ આવે તે બાબતે રાજ્યની સરકાર આવનારા સમયમાં છોટાઉદેપુર શહેરને અને જિલ્લાને ફાયદો કરાવે તે માટે આપણને જરૂર સારી યોજનાઓ આપશે તેમ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા એ જણાવ્યું હતું. આ શુભેચ્છા મુલાકાત દરમિયાન છોટાઉદેપુર બજારના વેપારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બોડેલી બાર એસોસિએશનમાં સતત 5મી વાર લલિતચંદ્ર રોહિતની પેનલનો વિજય

જંગી બહુમતીથી વિજેતા થતા ડીજે ના તાલે વકીલ મંડળ ઝૂમી ઉઠ્યા હતા

(પ્રતિનિધિ) બોડેલી, તા.19

છોટાઉદેપુરના બોડેલી બાર એસોસિએશનના પ્રમુખ લલિતચંદ્ર ઝેડ રોહિત અને ઉપપ્રમુખ ઈન્દિરાબેન રોહિત અને મંત્રી તરીકે અજય શ્રીવાસ્તવ તેમજ આશા બેન ઠક્કર લાયબ્રેરી યેન તરીકે બિનહરીફ વિજેતા થયા બાદ સહમંત્રી અને ખજાનચી પદને લઈ મતદાન પ્રકિયા હાથ ધરી હતી. બોડેલી કોર્ટ સંકુલ ખાતે ઉમેદવારને વિજેતા બનાવવા મતદાન કર્યું હતું ત્યારે ચૂંટણી અધિકારી

એ.જે. રોહિતના અધ્યક્ષ સ્થાને ચૂંટણી યોજાઈ હતી. એમાં અંતે ચૂંટણી (1) હસમુખ એ જયસ્વાલ ને 16 મત જ્યારે નિલેશ એસ રાઠવા ને 88 મત મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ખજાનચી પદના ઉમેદવાર માટે શબનમ બાનુ અને ભાવિશા આર વસાવા વચ્ચે ખરાખરી નો જંગ જામતા સબનમ બાનુ ને 26 મત જ્યારે ભાવિશા બેનને 78 મત મળતા લલિત ઝેડ રોહિત ની પેનલનો જંગી બહુમતીથી વિજેતા થતાં વકીલ મંડળ ઝૂમી ઉઠ્યા હતા લલિત ઝેડ રોહિત ની પેનલ સતત 5મી વખત વિજેતા બની છે.

છોટાઉદેપુર બાર એસો.ના પ્રમુખ તરીકે રમેશભાઈ રાઠવા વિજય થયાં

છોટાઉદેપુર | છોટાઉદેપુર કોર્ટના વકીલ રૂમમાં છોટાઉદેપુર બાર એસોસિયેશનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં તમામ વકીલો વચ્ચે વકીલ મંડળએ ઇલેક્શન ન કરવા પડે અને વકીલ મંડળમા વકીલો વચ્ચે મતભેદ ઊભો ન થાય તે માટે ઇલેક્શન નહીં પરંતુ સિલેક્શનનું આયોજન કરાયું હતું. જેમાં ઉપપ્રમુખ, મંત્રી સહિતના તમામ હોદ્દાઓ માટે સમજૂતી સધાઈ હતી. પરંતુ પ્રમુખપદ માટે સહમતી ન સર્જાતા પ્રમુખપદ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચૂંટણી અધિકારી તરીકે સુખદેવભાઈ પી. રાઠવાની નિણમુક કરવામાં આવી હતી. તેઓની હાજરીમાં પ્રમુખપદ માટે રમેશભાઈ એ. રાઠવા તથા ભાવસીંગભાઇ ડી. રાઠવાએ ફોર્મ ભર્યા હતાં. ચૂંટણીમાં કુલ 83 માંથી 46 મત મળતા રમેશભાઈ એ. રાઠવા સતત બીજી વાર વિજયી બન્યા હતા. ઉપ્રમુખ તરીકે પઠાણ ફિરોઝખાન એ ., મંત્રી તરીકે મલેક સલીમભાઇ એસ., ખજાનચી તરીકે ઠાકોર કિશોરીબેન એ. અને એલ.આર. તરીકે રાઠવા રીટાબેન જે. ને બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં હતી.

શિનોરમાં એસ.ટી. બસ ટક્કરે બાઈકચાલકનું મોત

શિનોર પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.19

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સરકારી એસ.ટી. બસ ચાલક દ્વારા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક મોટરસાઈકલ ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે, જ્યારે પાછળ બેઠેલા સહયાત્રીને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના ડભોઈથી શિનોર તરફ જઈ રહેલી સરકારી એસ.ટી. બસે શિનોર નજીક એક મોટરસાઈકલને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મોટરસાઈકલ ચાલકનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માતની જાણ થતાં જ શિનોર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ઈજાગ્રસ્તને તાત્કાલિક ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. જ્યારે મૃતકને પોસ્ટમોર્ટમ માટે પણ મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો. અકસ્માતમાં મોટરસાઈકલ પાછળ સવાર વ્યક્તિને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. બંને મોટરસાઈકલ સવાર મેહુલ અને સુરેશ નામના હોવાનું તથા તેઓ સંખેડા તાલુકાના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. શિનોર પોલીસે સરકારી એસ.ટી. બસ ચાલક વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

છોટાઉદેપુર ડૉન બોસ્કો શાળામાં જિલ્લા કક્ષાનો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19

જી સી ઈ આર ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આજરોજ જિલ્લા કક્ષાનું ૧૧મુ બાળ વિજ્ઞાનિક પ્રદર્શન 2025/26 યોજાયુ હતું.

જિલ્લા કક્ષાના આ પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ પસંદગી થયેલ કુલ 60 કૃતિઓ રજૂ કરવામાં

આવી હતી. પ્રાથમિક વિભાગની 30 અને માધ્યમિક વિભાગ માંથી 30 આમ કુલ 60 કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા પ્રદર્શન માટે રજૂ કરવામાં આવી હતી. હવે આ 60 કૃતિઓ માંથી પ્રાથમિક વિભાગ માંથી 5 અને માધ્યમિક વિભાગમાંથી 5 એમ કુલ 10 કૃતિઓ સાથે જિલ્લા ના બાળ વૈજ્ઞાનિકો ને રાજ્ય સ્તરે આયોજિત થનાર પ્રદર્શનમાં મોકલવામાં આવશે. ડૉન બોસ્કો શાળામાં આયોજિત આ ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષણ સમિતિના ચેરમેન સહિત શાળા સંચાલકો સહિત શિક્ષણ જગતના આગેવાનો, પદાધિકારીઓ અને વાલીઓ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરુ પાડ્યુ હતુ.

ડભોઈમાં એક જ રાત્રમાં પાંચ બાઈકોની ઉઠાંતરી

વાહનચોરોનો પોલીસને ખુલ્લો પડકાર

(પ્રતિનિધિ) ડભોઇ તા.19

ડભોઈમાં મહુડી ભાગોળ બહાર જકાતનાકા નજીક આવેલી કોહિનૂર પાર્ક સોસાયટીમાંથી એક એકટીવા સ્કૂટર સહિત ત્રણ મોટર સાયકલ અને ત્યારબાદ સીમળીયા ગામમાંથી બે મોટર સાયકલ ચોરી જતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ સાથે હાહાકાર મચી ગયો છે.

કોહિનૂર પાર્ક સોસાયટીમાં રહેતા સાજીદ બચુમીયા શેખના ઘર આંગણે પાર્ક કરેલી એકટીવા સ્કૂટર તસ્કરો બેફિકરાઈથી ઉઠાવી ગયા હતા. આ ઉપરાંત સરફરાઝ અબ્દુલગફૂર ખત્રીની સ્પ્લેન્ડર મોટર સાયકલ અને સાજીદભાઈ થીમવાળાની મોટર સાયકલ પણ અજાણ્યા તસ્કરો મધ્યરાત્રિના સમયે ચોરીને પલાયન થઈ ગયા હતા. બાદમાં સાજીદ શેખની એકટીવા ટીંબી ફાટક પાસે બંધ હાલતમાં રેઢી મૂકેલી મળી આવતા ચોરટાઓની નિર્ભયતા સ્પષ્ટ જોવા મળી હતી.

કોહિનૂર પાર્ક બાદ તસ્કરો સીમળીયા ગામમાં ઘૂસ્યા હોવાનું બહાર આવ્યું છે. ગામમાં રહેતા ભગવતી જયસ્વાલ અને ભીખાભાઈ તડવીની મોટર સાયકલો ચોરી જતા સવાર પડતાં જ ડભોઈથી લઈ સીમળીયા સુધી વાહન ચોરીની બુમો ઉઠી હતી. ચોરીના ભોગ બનેલા વાહન માલિકોએ ડભોઇ પોલીસને જાણ કરતા પોલીસે માત્ર અરજી લઈ "ચોર ઝડપાઈ જશે" તેવી દિલાસા આપી રવાના કરી દેતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

"અટલ નેતૃત્વ ,અવિરત વિકાસ" - સુશાસન સપ્તાહ

છોટાઉદેપુરના નાગરિકોને ઘર આંગણે મળી 'આયુષ્માન' સુરક્ષા

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ બનતી આયુષ્માન યોજના

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19

છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા મુખ્યમંત્રી અમૃતમ (મા) અને પીએમજેએવાય યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતી.

જિલ્લાના પી.એચ.સી., સી.એચ.સી. અને સબ-સેન્ટરના માધ્યમથી 'હાઉસ ટુ હાઉસ' (ઘેર-ઘેર) મુલાકાત લઈને કુલ ૪૪૪ નવા આયુષ્માન કાર્ડની

નોંધણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકો માટેની 'આયુષ્માન વય વંદના યોજના' હેઠળ ૨૨ લાભાર્થીઓની નોંધણી કરી તેઓને આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવ્યું હતું. આ સપ્તાહમાં ૧૦ ક્લેમની નોંધણી, ૧૦ દર્દીઓને ડિસ્ચાર્જ, ૪ હોસ્પિટલ ઓડિટ અને એન્ટી ફ્રોડ પોર્ટલ દ્વારા ૨૦ કાર્ડનું ઓડિટ, લેવલ ટુ કાર્ડ વેરીફીકેશન ૨૦ કરી શાસન પ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવામાં આવી હતી. છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫,૬૧,૯૧૪ લાભાર્થીઓની નોંધણી કરી દેવામાં આવી છે. પોલિસી-૧૦ અંતર્ગત કુલ નોંધાયેલ ક્લેમઃ ૨૨૩૬ (અંદાજિત રકમ રૂ. ૩,૨૩,૯૨,૯૦૦/-)ચુકવવામાં આવેલ ક્લેમઃ ૧૭૯૦ (અંદાજિત રકમ રૂ. ૨,૪૫,૫૩,૨૨૫/-) જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.પોલ વસાવાએ જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આર્થિક મુશ્કેલીના કારણે સ્થાનિક પરિવાર સારવારથી વંચિત ન રહે. સુશાસન સપ્તાહ અંતર્ગત અમે છેવાડાના ગામડા સુધી પહોંચીને લોકોને સરકારી યોજનાઓનો સીધો લાભ અપાવી રહ્યા છીએ."

વાઘોડિયાના વકિલ બાર એસો.ની ચૂંટણી યોજાઈ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.19

ગુજરાત બાર કાઉન્સિલના નિયમો હેઠળ વાઘોડિયા બાર એસોસિએશન વકીલ મંડળની ચૂંટણી વાઘોડિયા કોર્ટ ખાતે યોજાઇ હતી. જેમાં ચૂંટણી અધિકારી ગણપતસિંહ બારીયાની અધ્યક્ષ સ્થાને વાઘોડિયા વકીલ મંડળના પ્રમુખ, અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી.આ ચુંટણીમા પ્રમુખ પદ માટે મહેશ ભાઈ પરમાર અને ઊપ પ્રમુખ અશ્વીનભાઈ રોહિતને વિજેતા જાહેર કરાયા હતા. જ્યારે સેક્રેટરીના પદ માટે મેહુલભાઈ પરમારને બિનહરીફ જાહેર કરાયા હતા. તમામને વકીલ મંડળ દ્વારા ફૂલહાર પહેરાવી મોઢું મીઠું કરાવી શુભેચ્છા એકબીજાને પાઠવી હતી. વકીલોને લગતા પડતર પ્રશ્નોના ત્વરિત નિકાલ અંગે સૌ સાથે મળી કાયમી ધોરણે સંતોષકારક નિરાકરણ આવે તે દિશામાં કામ કરવાની પ્રમુખે ખાતરી આપી હતી. વિજેતા હોદ્દેદારોએ વકીલ એક્તા જીંદાબાદના નારા લગાવ્યા હતા સાથે સૌ વકીલ મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

ખુલ્લી ખાણો જોખમી હોવાના સમાચાર પ્રકાશિત થતાં તંત્ર સફાળુ જાગ્યું

છોટાઉદેપુરમાં ડોલોમાઈટ પથ્થરની ખુલ્લી ખાણો ફરતે બોર્ડર કરવા આદેશ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19

છોટાઉદેપુર વનાર જામલા રોડ ઉપર તથા દડીગામ દેવહાટ ગામ તરફ ડોલોમાઈટ પથ્થરની ખાણો આવેલી છે. જેમાં ઘણી ખાણોમાં કામ બંધ છે. આમાંથી હાલમાં આ ખાણોમાં ફુલ પાણી ભરેલું છે પરંતુ ગ્રામીણ વિસ્તારમાં જવાના રસ્તા ઉપર આ ખાણો બાજુમાં જ આવેલી છે. જ્યાં કોઈ વાડ કે બોર્ડર કરવામાં આવી નથી. આ બાબત તંત્રના ધ્યાને આવતા ખાણ ખનીજ વિભાગ દ્વારા ડોલોમાઈટ ખાણ માલિકોને આ ખાણોની ફરતે બોર્ડર કરવા આદેશ કરવામાં આવ્યો છે.

છોટાઉદેપુર ખાણ ખનીજ કચેરી દ્વારા માઈન્સ ઓનર એસોસિએશનને આપેલી લેખિત સુચના મુજબ જણાવ્યું છે કે અત્રે જિલ્લામાં ડોલો માઈટ ખનિજની લીઝો ફરતે ફેન્સીંગના હોવાને કારણે વાહન અકસ્માત આકસ્મિક સંજોગો કે અનિચ્છનીય ઘટનાઓ બનવાની ભીતિ અંગે સમાચારો અવારનવાર સમાચાર પત્રોમાં પ્રકાશિત થાય છે. જે અંગે અત્રે જિલ્લાના રોડની આસપાસ આવેલી ખુલ્લી માઇન્સો કારણે કોઈ વાહન કે અનિચ્છનીય ઘટના ન બને. તેની કાળજી રાખવા ખુલ્લી લીઝો ફરતે ફેન્સીંગ ઊભી કરી 20 દિવસમાં અત્રેની કચેરીએ આધાર પુરાવા રજૂ કરવામાં જણાવવામાં આવ્યું છે. આ પુરાવા રજૂ ન થયેથી નિયમો અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ કોઈ અકસ્માત કે અનિચ્છનીય ઘટના થયેલી જેની સંપૂર્ણ જવાબદારી ખાણ માલિકોની રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

આ અંગે માઈન્સ ઓર્નર એસોસિએશન ના પ્રમુખ મહંમદ ઈસુબ મલા એ જણાવ્યું હતું કે, વર્તમાનપત્રોમાં સમાચાર આવ્યા હતા કે ડોલોમાઈટ પથ્થરની માઈન્સ ફરતે સૌરક્ષણ દિવાલ બનાવવામાં આવે. જે અનુસંધાને ખાણ ખનીજ વિભાગે અમોને લેખિતમાં જાણ કરી છે કે માઈન્સ ફરતે સલામતી વ્યવસ્થા ઊભી કરવી. જે મુજબ કચેરીના પત્રને ધ્યાને રાખી અમલ કરવા સલામતીની બોર્ડર બનાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. ટૂંક સમયમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. અગાઉ પણ અમને આ બાબતની જાણ કરાઈ હતી. 4 માસથી માઈન્સ બંધ હોવાના કારણે આ કામગીરી અધુરી છે. જે કામ ખાણ ખનીજ વિભાગના પત્રને આદેશ અનુસાર શરૂ કરી દેવાઈ છે.

ગોધરા-કાલોલમાં પ્રતિબંધિત ગોગો પેપર વેચતા બે ઝડપાયા

ગોગો સ્મોકિંગ કોન અને રોલિંગ પેપરનો જથ્થો કબ્જે, બે સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.19

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નશાના સેવન માટે વપરાતા ગોગો સ્મોકિંગ કોન અને રોલિંગ પેપર પર પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ પંચમહાલ જિલ્લાના ગોધરા અને કાલોલ વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી તથા પોલીસ અધિક્ષક ડૉ. હરેશ દૂધતની સૂચના મુજબ કરવામાં આવી હતી.

ઝુંબેશ અંતર્ગત ગોધરા અને કાલોલ ડિવિઝનમાં આવેલા પાન પાર્લરો પર સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ગોધરાના અમદાવાદ રોડ પર શિવમ પાન પાર્લરમાંથી 33 નંગ ગોગો સ્મોકિંગ કોન અને 30 નંગ રોલિંગ પેપર મળી કુલ 63 નંગનો રૂ.795 કિંમતનો પ્રતિબંધિત જથ્થો ઝડપાયો હતો. આ મામલે પાન પાર્લરના સંચાલક ઠાકોરલાલ ગેંદાલાલ ભોઈ વિરુદ્ધ ગોધરા ટાઉન બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. તે જ રીતે કાલોલ શહેરના અલિંદ્રા હાઈવે રોડ પર ચામુંડા પાન સેન્ટરમાંથી 7 નંગ સ્મોકિંગ કોન અને 49 નંગ રોલિંગ પેપર મળી કુલ 56 નંગનો રૂ.805 કિંમતનો પ્રતિબંધિત જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. પાન સેન્ટરના સંચાલક રાકેશકુમાર ચાવડા વિરુદ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.